# આઈઆઈટી ગાંધીનગરનો આઠમો પદવીદાન સમારંભ યોજાયો

» ડૉ. સ્વાતિ પિરામલે ઐતિહાસિક અને પૌરાણિક પ્રસંગોના માધ્યમથી વિદ્યાર્થીઓને સમસ્યાનો ઉકેલ શોધવા જણાવ્યું






**નવગુજરાત સમય** > ગાંધીનગર

આઈઆઈટી ગાંધીનગર ખાતે આઠમા પદવીદાન સમારંભમાં કુલ ૩૯૪ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. ૫૩ વિદ્યાર્થીઓને મેડલ અને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૨૫ વિદ્યાર્થીઓને ગોલ્ડ, ૧૩ને સિલ્વર મેડલ તથા અન્ય ૧૫ને વિવિધ કેટેગરીમાં મેડલ અપાયા હતા.

વિદ્યાર્થીકાળ પૂરો કરીને વ્યવસાયિક જીવનમાં પગરણ માંડી રહેલા વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવા માટે તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પિરામલ ગ્રૂપના વાઈસ ચેરપર્સન ડૉ. સ્વાતિ પિરામલ ઉપસ્થિત રહ્યા હતા. ૧૦૦થી વધુ દેશમાં દવા પૂરી પાડવાની સાથે હેલ્થકેર, ફાઈનાન્શિયલ સર્વિસ અને ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં કાર્યરત પિરામલ ગ્રૂપના ડૉ. સ્વાતિ પિરામલે વિદ્યાર્થીઓને ઐતિહાસિક અને પૌરાણિક કથાના ઉદાહરણો સાથે દરેક સમસ્યામાંથી સમાધાન મેળવવા પ્રેરણા આપી હતી. તેમણે મહાભારતમાં યુદ્ધ સમયે અર્જુનની દ્વિધા અને ભગવાન કૃષ્ણના ઉત્તર, યુરોપના સાહસિકોએ ભારત સુધી પહોંચવા કરેલા પ્રયાસો, જાણીતા ગણિતજ્ઞ રામાનુજનના જીવન, વાસ્કો-ડી-ગામાના ભારત આગમન સહિત વિવિધ પ્રસંગો અને ઘટનાઓના માધ્યમથી સંઘર્ષનો મહિમા જણાવ્યો હતો અને દરેક મુશ્કેલીમાંથી માર્ગ શોધવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યુ હતું. આ પ્રસંગે આઈઆઈટીના ડાયરેક્ટર, ડીન, પ્રોફેસર્સ સહિતનો સ્ટાફ, વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**Title:** IITGN's 8th Convocation Ceremony held

**Source:** Navgujarat Samay (Gandhinagar) (Pg. No. 1)

Link: https://epaper.navgujaratsamay.com/2260332/Gandhinagar-Samay/28-July-2019#page/1/1

**Date:** 28-07-2019